# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૧૫૦ તા.૨૯-૧-૧૫

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે :-

**વિષય:-** **ધો.૬ થી ૧૪ વર્ષની વયકક્ષાના બાળકોનું સર્વે કરી શાળામાં દાખલ કરવા અંગે કામગીરી બાબત.**

**સંદર્ભ :-** **પરિપત્ર નં.૧૨૩ તા.૨૨-૧૨-૧૪ મુજબની કામગીરી**

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમ-૧૯૪૯ નિયમ-૭૦ શાળાના આજુબાજુના વિસ્તાર(પોકટ એરીયા)માં શિક્ષકો દ્વારા ૬ થી ૧૪ વર્ષની વયજૂથના તમામ બાળકોના સર્વે કરી / કરાવી તેની માહિતી જે-તે અધિકારીને સોંપવી તેમજ નિયમોને આધિન બાળકોને શાળામાં દાખલ કરવા અને તેમને હાજર રાખવા માટે વાલી સંપર્ક કરવો.

આ કામગીરી શિક્ષકનાં ફરજના ભાગરૂપે હોઈ મુ.શિ.દ્વારા સોંપવામાં આવેલ વિસ્તાર(પોટેક એરિયા)માં જઈ ૬ થી ૧૪ વર્ષના તમામ બાળકો નોંધવા તેની વિગતો નિયત ફોર્મેટમાં એકત્ર કરી મુ.શિ.ને સમયમર્યાદામાં સૂચના પ્રમાણે સોંપવા. મુ.શિ. દ્વારા શાળાના પોકેટ વિસ્તારમાં રેન્ડમ ચેકીંગ કરવું, તેની નોંધ રાખવી. તે પછી ચેકીંગની કામગીરી અધિકારી દ્વારા પણ હાથ ધરવામાં આવશે અને કોઈ પણ બાળક નોંધ કર્યા વગરનો મળી આવશે તો જે શિક્ષકે આ વિસ્તારમાં સર્વે કર્યું હશે તેની સામે ફરજની કામગીરીમાં નિષ્કાળજી બેદરકારી કર્યા બદલ તેની સી.આર.માં તેની નોંધ કરી ખાતાકીય રાહે જરૂરી પગલાં ભરવાનું વિચારાધીન છે. તેની નોંધ લેશો. સર્વેની કામગીરી ફરજનો ભાગ ગણી તેની ગંભીરતા સ્વીકારી, કામગીરી ચોકસાઈપૂર્વક, યોગ્ય રીતે, સંતોષકારક કરવાની રહેશે. તેની નોંધ તમામ શિક્ષકોને લેવડાવી અને સર્વેની કામગીરી '૦' એરર સાથે પૂર્ણ કરાવવી. બીટ સુપરવાઈઝરશ્રીને તા.૧૪-૨-૧૫ સુધીમાં નિયત પત્રકમાં રિપોર્ટ કરવો.

તા.૨૯-૦૧-૧૫

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ
અમદાવાદ